RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 348 * Date: 08.10.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




## હિમાચલના બિલાસપુરમાં ભૂસ્ખલનની ઝપેટમાં આવી બસ, મુસાફરો કાટમાળમાં દબાયા, ૧૫ના મૃતદેહ બહાર કઢાયા



હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં મોટી દુર્ઘટના બની છે. બિલાસપુર જિલ્લાના ઝંડૂતા તાલુકાના બાલૂઘાટ નજીક બુધવારે એક ખાનગી બસ પર ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) થતાં અનેક લોકોના કરૂણ મોત થયા છે. મળતી માહિતી અનુસાર, બસ પર અચાનક પહાડનો કાટમાળ પડતા બસમાં સવાર મુસાફરો દબાયા હતા. દુર્ઘટના બાદ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું છે. સ્થાનિક તંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ દ્વારા કાટમાળ હટાવવા અને દબાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ છે. અત્યાર સુધીમાં બસમાં કેટલા લોકો સવાર હતા તેની પુષ્ટિ થઈ શકી નથી.ત્નઝમ્ની મદદથી બસને તોડીને મુસાફરોને બહાર કાઢવા પડ્યા હતા. જેમાં અત્યાર સુધીમાં ૧૫ મૃતદેહોને બહાર કઢાયા હતા, જ્યારે ૨ બાળકોને જીવતા બહાર કઢાયા હતા. બસમાં કેટલા મુસાફરો સવાર હતા તેનો આંકડો હજુ સુધી બહાર નથી આવ્યો. હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે.આસપાસના લોકો પણ રાહત અને બચાવ કામગીરીમાં લાગ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, બચાવ કામગીરી આખી રાત ચાલુ રહેશે અને જલ્દીથી ફસાયેલા તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂએ બસ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને રાહત કામગીરીમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા છે. તેમણે મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા દિવંગત આત્માઓની શાંતિ માટે ઈશ્વરને પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર આ દુઃખના સમયમાં પીડિત પરિવારોની સાથે મજબૂતીથી ઉભી છે અને તેમણે શક્ય તમામ મદદ પ્રદાન કરાશે.મુખ્યમંત્રી સતત જિલ્લા તંત્રના સંપર્કમાં છે અને તેમણે રાહત અને બચાવ કામગીરીમાં વધુ ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા છે. તેમણે પણ એ નક્કી કરવા કહ્યું છે કે, ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવે અને તેની સારવારની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવે. મુખ્યમંત્રી શિમલાથી સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

## અરવિંદ કેજરીવાલને દિલ્હીમાં ટાઈપ-૭ બંગલો ફાળવવામાં આવ્યો



દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (છઈઁ)ના કન્વીનર અરવિંદ કેજરીવાલને દિલ્હીમાં એક નવો બંગલો ફાળવવામાં આવ્યો છે. તેનું સરનામું ૯૫ લોધી એસ્ટેટ છે, જે ટાઈપ ૭ બંગલો છે. જોકે, છઈઁ એ કેજરીવાલ માટે ટાઈપ ૮ બંગલાની વિનંતી કરી હતી.ગયા વર્ષે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ, કેજરીવાલે ૧૭ સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. ૪ ઓક્ટોબરના રોજ, તેમણે અને તેમના પરિવારે ૬, ફ્લેગ સ્ટાફ માર્ગ પર આવેલ સીએમ હાઉસ (બંગલો) ખાલી કરીને લુટિયન્સ દિલ્હીમાં ફિરોઝશાહ રોડ પર બંગલા નંબર ૫ માં રહેવા ગયા હતા. આ બંગલો પંજાબથી આપના રાજ્યસભા સાંસદ અશોક મિત્તલને ફાળવવામાં આવ્યો છે.

દિલ્હીમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ માટે સરકારી રહેઠાણની કોઈ જોગવાઈ નથી. તેથી, છઈઁ એ તેના નેતા માટે વૈકલ્પિક રહેઠાણની માંગણી માટે કોર્ટનો સંપર્ક કર્યો હતો. ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલય (ર્સ્ઙ્ખેંછ) અને કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગ (ઝ્રઁઉડ્ઢ) એ કેજરીવાલ માટે એક સત્તાવાર રહેઠાણ ફાળવવા માટે એસ્ટેટ નિયામકને માંગ કરી હતી.

## ઉત્તર પ્રદેશ : સંભલમાં એક મસ્જિદ અને ૮૦ ઘરો પર બુલડોઝર ફેરવવાની તૈયારી, ૧૫ દિવસની નોટિસ





ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં વહીવટીતંત્રે ગેરકાયદે દબાણ વિરુદ્ધ ચાલી રહેલા અભિયાન હેઠળ વધુ એક મસ્જિદ સહિત આશરે ૮૦ ગેરકાયદે મકાનો તોડી પાડવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. રિપોર્ટ મુજબ જિલ્લાની હાતિમ સરાય વિસ્તારમાં તળાવની જમીન પર અનેક ગેરકાયદે બાંધકામ છે, જેને દૂર કરવા માટે તંત્રએ મંગળવારે (૭ ઓક્ટોબર) નોટિસ ફટકારી છે. આ પહેલા ગત અઠવાડિયે સરકારી જમીન પર બનેલી એક મસ્જિદ તોડી પાડવામાં આવી હતી.તાલુકા અધિકારી ધીરેન્દ્ર પ્રતાપ સિંહે કહ્યું કે, ભૂમાફિયાઓએ તળાવની જમીન પર ગેરકાયદે પ્લોટ બનાવીને વેચી દીધા છે, જેથી તેઓને ૧૫ દિવસની નોટિસ ફટકારાઈ છે. જો ૧૫ દિવસમાં સંતોષકારક જવાબ અને જમીનના કાયદેસર દસ્તાવેજો રજૂ કરવામાં નહી આવે, તો મસ્જિદ સહિતના તમામ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ચલાવવામાં આવશે. આ કાર્યવાહી સંપૂર્ણપણે કાનૂની પ્રક્રિયા હેઠળ કરાશે.હાતિમ સરાય વિસ્તારમાં આશરે ૧૨-૧૩ વર્ષ પહેલાં એક મોટી મસ્જિદ બનાવાઈ હતી. જ્યારે સર્વેક્ષણ કરવામાં આવ્યું ત્યારે મસ્જિદના પ્રબંધક કે અન્ય કોઈ જવાબદાર વ્યક્તિ હાજર રહ્યા ન હતા, તેથી મસ્જિદ પર નોટિસ ચોંટાડવામાં આવી છે. આ ઉપરાંત ૩૦-૪૦ ગેરકાયદે પ્લોટ પર લાલ નિશાન કરાયા છે.ઉલ્લેખની છે કે, આ પહેલા સંભલ જિલ્લામાં ગેરકાયદે દબાણ વિરુદ્ધ ચાલી રહેલા અભિયાન હેઠળ ૨ ઓક્ટોબરે રાયા બૂઢ ગામમાં તળાવની જમીન પર બનેલી એક મસ્જિદ અને ૩૦,૦૦૦ ચોરસ ફૂટનું મેરેજ હોલ તોડી પડાયું હતું. આ મામલે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી, જોકે કોર્ટે અરજી ફગાવી દીધી હતી.

## 'તમારું સ્વાગત કરવા આતુર...' PM મોદીએ પુતિન સાથે વાત કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (૭ ઓક્ટોબર) રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર વાતચીત કરી હતી. આ દરમિયાન મોદીએ તેમને ૭૩મા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. બંને નેતાઓએ ભારત-રશિયાની 'સ્પેશિયલ એન્ડ પ્રિવિલેજ્ડ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વડાપ્રધાને પુતિનને સારા આરોગ્ય અને તમામ પ્રયાસોમાં સફળતા મેળવવાની શુભકામના પાઠવી હતી.પીએમ મોદીએ કહ્યું કે, ભારત રશિયા સાથેના તેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે અને બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલી આવતા વ્યૂહાત્મક સહયોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાની તકો શોધી રહ્યા છે. બંને નેતાઓએ વેપાર, રક્ષા, ઊર્જા, વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય પ્રગતિ આગળ ધપાવવા માટે સમીક્ષા પણ કરી રહ્યું છે.

આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ પુતિનનું ભારતમાં સ્વાગત કરવા માટે ઉત્સુકતા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર-૨૦૨૫માં ભારતમાં ૨૩મી ભારત-રશિયા વાર્ષિક સમિટ યોજાવાની છે, જેમાં બંને નેતાઓ વચ્ચે મુલાકાત થવાની છે. આ ઉપરાંત પીએમ મોદીએ પુતિન છેલ્લે ૨૦૨૧માં ૨૧માં વાર્ષિક દ્વિપક્ષીય શિખર સંમેલનમાં ભાગ લેવા ભારત આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

# ભારત વિશ્વનું સૌથી ઝડપથી ઉભરતું અર્થતંત્ર રહેશે

વર્લ્ડ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના જીડીપી ગ્રોથ રેટનું અનુમાન ૬.૩ ટકાથી વધારી ૬.૫ ટકા કર્યું છે. જીડીપી ગ્રોથ અનુમાનમાં વધારો કરવા પાછળનું મુખ્ય કારણ અપેક્ષા કરતાં વધુ પડતો સ્થાનિક વપરાશ અને કૃષિ તથા ગ્રામીણ રોજગારીમાં વધારો છે.

વર્લ્ડ બેન્કે ચાલુ નાણાકીય વર્ષ માટેનો જીડીપી ગ્રોથ અનુમાન વધાર્યું છે, જ્યારે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી ગ્રોથ અનુમાન ઘટાડ્યું છે. આ ઘટાડા પાછળનું કારણ અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલો ૫૦ ટકા ટેરિફ છે. આ ટેરિફની નેગેટિવ અસર આગામી વર્ષે જોવા મળી શકે છે. જો કે, વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં નોંધ્યું છે કે, ભારત આ વર્ષે વિશ્વની સૌથી ઝડપથી ઉભરતું અર્થતંત્ર બનશે. આ સિવાય બાંગ્લાદેશનો ગ્રોથ રેટ ૪.૮ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. જ્યારે ભૂતાન માટે હાઈડ્રોપાવર કંસ્ટ્રક્શનમાં વિલંબના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીડીપી ગ્રોથ અનુમાન ઘટાડી ૭.૩ ટકા કર્યું છે.

# પાટણના સુદામા ચોકડીથી રાજપુર સુધી ૨ કિમીના માર્ગ પર ૩૦ ખાડા



પાટણ શહેરના સુદામા ચોકડીથી રાજપુર બસ સ્ટેશન સુધીના બે કિલોમીટર ફોરલાઈન રોડ લાંબા સમયથી બિસ્માર હોવા છતાં નવીન બનાવવાના બદલે માત્ર થીગડા મારવામાં આવી રહ્યા હોઈ ગણતરીના દિવસોમાં જ સતત વાહનોના ઘસારાના કારણે ઉખડી જતા ફરી જૈસે થે સ્થિતિ સર્જાઈ રહી છે.રોડની સવારી કરી ગ્રાઉન્ડ રિપોર્ટ કર્યો હતો.સુદામા ચોકડી થી શરૂ થતા ફોરલાઈન પર અડધા ફૂટ જેટલા ઊંડા આશરે ૧૫ જેટલા ખાડા જાણે કે રોડ જ ખાડામાં હોય તેવી હાલતમાં રોડ થઈ ગયો છે.જેના કારણે રિક્ષા, એક્ટિવા અને બાઈક ચાલકો સ્લીપ ખાવા સાથે પટકાતા હોય અકસ્માતનો ખતરોદેખાઈ રહ્યો હતો.ત્યાંથી આગળ જતા ગોલાપુર બસ સ્ટોપ નજીક રોડનો ડામર ઉખડી ગયેલો હતો. જ્યાં બંને સાઈડ પર ધોવાણ હોય થઈ ૧૦૦ મીટરમાં આશરે સાત મોટા ખાડા થયેલા છે જેમાં વાહન અંદર ખાબક્યા સિવાય ચાલક નીકળી શકે એમ જ ન હતો.ત્યાંથી આગળ પહોંચતા રાજપુર બસ સ્ટેશન નજીક રોડ ની બિસ્માર હાલત સાથે ૮ ખાડા પડી ગયા છે. માત્ર બે કિલોમીટરના અંતરમાં વાહન ચાલકો ૨૫ થી વધુ વાર ખાડાઓના કારણે બ્રેક મારીને માત્ર ૩૦ ની સ્પીડમાં જ ગાડી લઈને પસાર થઈ શક્યા હતા.પરિણામે માત્ર પાંચ મિનિટમાં બે કિમી અંતર કપાતું તે ખાડાઓને કારણે ૧૦ મિનિટ થઈ રહી છે.શાકુંતલ ગ્રીનસિટી સોસાયટીના પ્રમુખ શૈલેન્દ્રસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, દર વર્ષે ચોમાસામાં અમારી સોસાયટીના ગેટ આગળ પાણી ભરાઈ રહે છે. ૩૫૦થી વધુ પરિવારને મુશ્કેલી પડે છે, છતાં કોઈ કાર્યવાહી થઈ નથી.

# જીતપુર ગામે એડવાન્ટા ૭૫૧ મકાઈ વિષે વાર્તાલાપ



મેઘરજ તાલુકાના જીતપુર ગામે એડવાન્ટા સીડ્સ કંપની દ્વારા સારા ખેડૂતો દ્વારા પીએસસી ૭૫૧ મકાઈ નું વાવેતર કરીને વધુ ઉત્પાદન મેળવનાર ખેડૂતોનું સન્માન કરવામાં આવે છે.

આવા ખેતી ના જાણકાર જીતપુર ગામ ના કચરાભાઈ લાડનભાઈ પટેલના ખેતરે ૭૫૧ એડવાન્ટા મકાઈ વાવેલી જે ખૂબ જ સારી હોવાથી કંપનીના કેશવભાઈ મલીવાડ તથા સાથીદાર દ્વારા વરસતા વરસાદમાં મકાઈ નું વાવેતર બે ચાસ વચ્ચે નું અંતર, ખાતર , દવા વિશે માહિતી આપી હતી. ખેડૂતો પણ વરસતા વરસાદ માં માહિતી લેવા ઉભા હતા.

# અરવલ્લી જિલ્લામાં ઉજવાય સ્વચ્છ ભારત દિવસ







સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ અને ૨ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી દિવસે ને સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત આજે મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાના સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી કાર્યક્રમમાં સ્વચ્છતા વિશેવા ૨૦૨૫ પખાડિયા દરમિયાન સારી કામગીરી કરનાર તાલુકો ગ્રામ પંચાયત આંગણવાડી કેન્દ્ર પ્રાથમિક શાળા સામૂહિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામૂહિક શૌચાલય એસ એચ જી સંસ્થા ને પ્રમાણપત્ર અને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા આજના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રિયંકાબેન ડામોર મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રી નિરંજનભાઈ શેઠ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી રાજેશ કુંવારા પ્રોગ્રામ ઓફિસર શ્રી ષ્ઙ્ઘજ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# પાટણમાં આશા વર્કર, ફેસિલિટેટર બહેનોની રજૂઆત : ઓનલાઈન કામગીરીના ભારણ અને વેતન વિસંગતતા મુદ્દે કલેક્ટરને રજૂઆત કરી



પાટણ જિલ્લામાં ફરજ બજાવતી આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનોને સોંપવામાં આવેલી ઓનલાઈન કામગીરીના ભારણ અને અપૂરતા વેતનને લઈને મહિલા શક્તિ સેના દ્વારા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, મુખ્યમંત્રી તેમજ આરોગ્ય મંત્રીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાએ આ બહેનોને મળતા ઓછા મહેનતાણા અને સતત વધતી ઓનલાઈન કામગીરીના મુદ્દે ત્વરિત પગલાં ભરવા માંગ કરી છે.મહિલા શક્તિ સેનાએ પોતાના પત્રમાં જણાવ્યું છે કે, આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોને સરકાર તરફથી આપવામાં આવતું માનદ વેતન અત્યંત ઓછું છે, જે તેમના કામ અને મોંઘવારી સામે પૂરતું નથી. આ બહેનો ૐમ્દ્બઝ, ૐમ્ૐઝ, ૅસ્ત્નરૂ જેવી અનેક સરકારી યોજનાઓમાં જમીની સ્તરે કામગીરી કરે છે, જેના માટે તેમને માસિક માત્ર ?૨૫૦૦ ચૂકવવામાં આવે છે.આ ઉપરાંત, તેમને સરકારી કર્મચારી તરીકેનો કોઈ લાભ મળતો નથી. વધારામાં, સરકાર દ્વારા હવે તમામ કામગીરી ઓનલાઈન કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેના માટે આ બહેનોને મોબાઈલ, ઈન્ટરનેટ ડેટા કે અન્ય કોઈ ભથ્થું પૂરું પાડવામાં આવતું નથી. આ કારણે તેમને પોતાના ખર્ચે સ્માર્ટફોન વસાવીને અને ઈન્ટરનેટનો ખર્ચ કરીને કામ કરવું પડે છે, જે તેમના ઓછા વેતનને જોતાં મુશ્કેલ છે.સંસ્થાએ માંગણી કરી છે કે, આ બહેનોને મળતું વેતન વધારીને આશા વર્કર બહેનોને ?૧૮૦૦૦ અને ફેસિલિટેટર બહેનોને ?૨૦૦૦૦ કરવામાં આવે. તેમને સરકારી કર્મચારીનો દરજ્જો આપીને પેન્શન, ગ્રેચ્યુઈટી, અને અન્ય લાભો પણ આપવામાં આવે.જ્યાં સુધી આ માંગણીઓ પૂરી ન થાય, ત્યાં સુધી સરકારે તેમની તમામ ઓનલાઈન કામગીરીઓ તાત્કાલિક અસરથી બંધ કરાવવી જોઈએ. આ બહેનો ગામડાંઓમાં કામ કરે છે અને ઘણીવાર ટેકનિકલ સમસ્યાઓ, તેમજ પોતાના મોબાઈલ કે લેપટોપ ન હોવાના કારણે ઓનલાઈન કામગીરી સમયસર પૂર્ણ કરી શકતી નથી.સંસ્થાએ ભારપૂર્વક જણાવ્યું છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે, તો તેઓ આશા વર્કર અને ફેસિલિટેટર બહેનોના સમર્થનમાં આંદોલન કરશે.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાકૃતિક ખેડૂત ભાઈ બહેનોનો પ્રેરણા પ્રવાસ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, પ્રાંતિજ અને વિજયનગર તાલુકામાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ યોજના અંતર્ગત વિસ્તરણ કાર્યકરોનો જીલ્લા અંદરનો પ્રેરણા પ્રવાસ યોજાયો હતો.

આ પ્રવાસમાં જિલ્લા અંદરના મોડલ ફાર્મ અને BRC યુનિટની મુલાકાત કરાવી તેમને પ્રાકૃતિક કૃષિ અંગેની માહિતી અને તેના ફાયદા જણાવવામાં આવ્યુ હતું. નટરાજપૂરમ શીશવલા પ્રાકૃતિક ફાર્મની મુલાકાત દરમિયાન વિવિધ શાકભાજી તેમજ વિવિધ બાગાયતી પાકોની માહિતી તેમજ જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન જેવા વિવિધ અસ્ત્રોની માહિતી આપવામા આવી હતી.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઑક્ટોબર – ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૪ જિલ્લાઓ (આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| | ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૯ જિલ્લાઓ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર, ખેડા, કચ્છ, મહીસાગર, પંચમહાલ, અને સાબરકાંઠા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ અને જ્યાં બાજરીનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં બાજરીની અવેજમાં ચોખાનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વડોદરા જિલ્લા માટેનું વિતરણ પ્રમાણ નોંધ - અંત્યોદય કુટુંબો તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે ઘઉં, ચોખા તથા જુવારનું વિતરણ અને જ્યાં જુવારનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં જુવારની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર/બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

ઑક્ટોબર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની સીંગતેલ, તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | સીંગતેલ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિટર | ૧૦૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ખાંડ (તહેવાર નિમિત્તે વધારાની) | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NG: NOG SS NO. 166**
વિષય:- " ચહેરાની પરિભાષા"
શિર્ષક:- "તારો મોહક ચહેરો"
પ્રકાર :- પદ્ય શબ્દો :- ૧૦૬

તારો સુંદર ચહેરો જોઈને મારી સવાર સુધરી જાય છે,
ચહેરાનું મધુર સ્મિત મારા રોમ રોમને લહેરાવી જાય છે.

ચહેરાને જોતા મારા મનમાં યાદોની મોસમ છવાય છે,
તારા ચહેરાની ભાષા વાંચીને મિલનની ઈચ્છા થાય છે.

તમારા ચહેરાના તેજથી ચંદ્ર વાદળોમાં છુપાઈ જાય છે,
તારાઓ પણ તાળીયો પાડીને ગગન ગજાવી જાય છે.

તારો કોમળ ચહેરો જોતા મને ભવભવનું બંધન લાગે છે.
તારો ચહેરો નિસ્તેજ જોઉં ત્યારે મન વ્યગ્ર બની જાય છે.

તારી મસ્ત અદાઓથી મારો મન મયૂર થનગની જાય છે,
તારી સાથે દિલની ધડકનનો તાલ મેળવવાનું મન થાય છે.

તારો ચહેરો જોઈને મારા દિલમાં વસાવવાનું મન થાય છે,
"મુરલી" માં મને પ્રેમરાગની ધૂન છેડવાનું મન થાય જાય છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

**NG: NOGSS NO: 345**
વિષય: ચહેરાની પરિભાષા
શીર્ષક: ભોળી સૂરત
પ્રકાર: ગદ્ય - શબ્દો: ૨૮૮

ભોલી સૂરત દિલ કે ખોટે,
નામ બડે ઓર દર્શન છોટે...દર્શન છોટે.

વર્ષો પહેલા રચાયેલું આ ગીત બિલકુલ વાસ્તવિકતા છે. બે પ્રકારના માનવી હોય છે. અડધા ખૂબ જ સારા અને અડધા બનાવટ એજ જીવન એવા. સિક્કાની બે બાજુ હોય એમ માનવી પણ બે બાજુ જેવા. ઘણા લોકો એટલા દયાળું હોય કે પોતાની પાસે કાંઈ ન હોય તો પણ સેવા માટે મોખરે. સાચે જ ચહેરા ઓળખવા ઘણું મુશ્કેલ કામ છે. પણ હા બનાવટી મૂખવટાવાળા ચહેરા ઓળખાય તરત જતા હોય હો. જયારે માણસને કોઈ વિપત્તિ પડી હોય ત્યારે એવા ભોળી સૂરત એટલે કે મોંઢા, હદયમાં તો સાવ કપટભર્યા માલુમ પડી જતું હોય છે.

બનાવટી મૂખવટાવાળા માનવી કીડીઓના રાફડા જેવા ફુલ્યા ફાલ્યા છે. શીખ આપવામાં નંબર વન પણ જયારે પોતાના પર કંઈક આપવાનું આવે ત્યારે અસલી ચહેરો સામે આવી જતો હોય છે. બેમુખા માનવી તરત કહેતા હોય છે એવું તો બધું ચાલ્યા કરે, હમણા અમારી પાસે ક્યાં કંઈ છે તો બીજાને મદદ કરીએ.

બાકી, સૌ સાથે તો બહું વટ પાડી જમાવટ કરી લેતા હોય. ખાલી વાતોને થુંકના પોડા જેમ. બાળકને આમ સંસ્કાર આપવા જોઈ’ને, રસ્તે બેઠા ફેરિયા પાસે આમ વસ્તું ખરીદવી જોઈએ’ને, દીકરીઓને ટૂંકા વસ્ત્રો પહેરવા ન દેવા જોઈએ. મુશ્કેલીમાં સપડાય વ્યક્તિને સહારો આપવો જોઈએ. દયા ભાવના રાખવી જોઈએ. વગેરે વગેરે.

ટૂંકમાં કહેવાનો એજ આશય કે જયારે કંઈક મદદ માટે આગળ આવવાનું હોય ત્યારે હટી જતા હોય. જોકે પોતાની કારકિર્દી બનાવવા માટે સઘળું
રચી આગળ નીકળી જતા પ્રપંચના દોરે....
"લાગવગ એજ લાયકાત"

મારે મુખમાં લેવું રામનામ, મન મારું કપટભર્યું.
આંખે પાણીની ધાર, આંસુ મગરમચ્છનું.
વાણી મધમીઠી ઝરતી, હૈયે કાળપનો નહિં પાર,
મન મારું કપટભર્યું.
લાગણી છપ્પા રચે નવતર, ઉદાસ મુખડુ.
માનવ શાને રચો બેમુખ ગુણગાન પ્રભુનું.

**Hansa zala** "લાગણી" સુરત

**NG: NOG SS NO:- 364**
વિષય:- ચહેરાની પરિભાષા
શીર્ષક:-"ગગન સુધી"
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૧૧૮
હે માધવ, તારો નઝારો તો છે ધરતીથી ગગન સુધી,
તારાં સ્મરણ - ભક્તિ લાવે છે મને તારાં ચરણ સુધી.

વિયોગના દિવસો ના સહેવાય કે ના કહેવાય,
ક્યારે મને લઈ જશે તું નાથ, તારાં મિલન સુધી ?

અમનચમન ને ભભકે ભભકે અહીં જિંદગી જીવાય છે,
વાત તો અંતે પતશે સ્મશાનની અગન સુધી.

તુજને યાદ કરતાં કરતાં જ જીવન થાયે પૂરું,
આવી જઈશ હું, નહીં રહે સીમિત મારાં કવન સુધી.

ઉપરછલ્લાં લાગણી ને પ્રેમ જ જોવાને મળ્યાં છે,
અફસોસ એ જ છે કે કેમ પહોંચ્યું નહીં ધડકન સુધી ?

દર્દો - ગમ ક્યાં રજૂ કરવાં ? - જરા સરનામું આપને,
મારે અરમાનો નથી રજૂ કરવા છગન - મગન સુધી.

લખી લખીને રુદિયાની વાતો - ફરિયાદો રજૂ કરું છું,
"પંકજ"- ઉદાસ "ચહેરો"- હવે વાટ નહીં જૂએ હનન સુધી.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા

**NG: NOGSS NO :158**
વિષય :ચેહરાની પરિભાષા
શીર્ષક: વ્યક્ત કરે વાચા
પ્રકાર:પદ્ય શબ્દો:૯૨

સમજે તો સરળ છે ચહેરાની પરિભાષા,
ના સમજાય કોઈને તો કહી જાય વાચા!

નવીનતમ ઊર્જા તણાં સંચારની અભિલાષા,
સ્વાર્થ વગરનો સંગાથ સંબંધની પરિભાષા!

દિલનો બતાવે ભાવ હૈયાની વેદનાને આપે વાચા,
સમજાવે મન તણી વાત ચહેરાની પરિભાષા!

અંતરમાં સ્ફૂરતા શબ્દ વિચારોને આપે વાચા,
દેહ બની વિહરે વિચારો ચહેરાની પરિભાષા!

દરેક પળમાં સ્નેહ લાગણી પ્રેમની પરિભાષા,
લાગણીના પુષ્પો ખિલવતી અનેરી એક આશા!

’પ્રેમ’ સ્નેહ હેત લાગણી વ્યક્ત કરે વાચા,
યાદોનું સ્મરણ હૈયાની વેદના પ્રેમની પરિભાષા!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’ આદરીયાણા (સુરેન્દ્રનગર)

**NG: NOG SS NO 173.**
પ્રકાર -પદ્ય .
શબ્દ સંખ્યા -૧૦૮.
વિષય ’ચહેરા ની પરિભાષા’

શીર્ષક -’ચહેરો’

ચહેરો એક પુસ્તક છે,
શબ્દો વગર કહી જાય કેટલી વાતો!

હસતો ચહેરો છુપાવે દુઃખ,
અને રડતો બતાવે કેટલાંય જજબાતો.

એક એક રેખા કપાળ પર ઉપસતા જ ખબર પડે,
ચિંતા કે શાંતિ છે ક્યાંક અંતર મહીં.

ચહેરો ઢંકાઈ શકે નકાબથી,
પણ આંખો કેમ છુપાવાશે સત્યથી?

કરૂણા ,પ્રેમ કે વેદના,
બધું ઊંડે ક્યાંક ચહેરા ઉપર લખાઈ જાય નિશ્ચિતતાથી.

ચહેરો એ દર્પણ છે,
એ છે આત્માનો પ્રકાશ,
જ્યાં ઉપસે છે પ્રેમ,વ્યથા અને જીવન નો ઉજાસ.

ભવિષ્યનાં ભયથી વિમુક્ત,
અતીતનાં બંધનથી મુક્ત,
જેમ તપસ્વી બેસે ધૂણીમાં,
એવો ચહેરો ઝલકે શૂન્ય ની પૂણીમાં.
અંતર્મન ધ્યાને ઉતરે જ્યારે,
બાહ્ય ચહેરો દર્પણ બને ત્યારે,
હાસ્યમાં નહીં અહંકાર હોય,
ત્યાં નેત્રમાં માત્ર કરૂણા જ હોય.

-ડૉ. દક્ષા જોશી ’નિર્ઝરા’.
અમદાવાદ, ગુજરાત.

**NG: NOGGS:226**
વિષય:ચહેરાની પરિભાષા
શિર્ષક: ચહેરાની પરિભાષા
રચના: પદ્ય શબ્દો :૫૬

ચહેરો મનના ભાવોને વ્યક્ત કરે
હાસ્યમાં છુપાયેલા આંસુઓ વહે

આંખોમાં સપનાના નવા રંગ રમે
હોઠ પર પ્રેમના શબ્દો રૂડા ઝળહે

ભ્રકુટીના વળાંક પર લાગણી રહે
લાલિમામાં વિશ્વાસના તેજ ચમકે

હા મૌનમાં હૃદિયના સ્વર સંભળે
આત્મામાં સ્નેહની ઊર્મીઓ જળે

ને ચહેરો અરીસો આત્માનો બને
એ જીવનના સત્યને ઉજાગર કરે

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)

**NG: NOG SS NO : 205**
વિષય : ચહેરાની પરિભાષા
શિર્ષક: ચહેરો
પ્રકાર : પદ્ય
શબ્દ સંખ્યા : ૧૦૦

મે સત્યરૂપી મોહરો પહેરીને
અસત્ય ના કામ કરતા
ઘણા ચહેરા ને જોયા છે
એક સફેદ વસ્ત્ર રૂપી ખાલ પહેરી ને
સાચા ખોટા ભાષણ આપી ને પ્રજા ને ભરમાવતા જોયા છે

બગલો કેવો રૂડો રૂપાળો
કાગડો શે કાળો
અરે એતો શુ કોયલ અને હંસ ના તોલા થોડા આવે
આવા સાચા પક્ષી ઓ ને પણ મે જોયા છે
આવા બહુરૂપીયા ચહેરા થી થોડા છેટા રહજો
આ દુનિયા શે નિરાલી
મોઢે બોલે મીઠુ અને પેટ મા રાખે પાપ
આ પથીક કહે કે આવા માણસો
નો કયારેય ભેટો ન કરતો
હે મારા નાથ

રચિયત કવિ શ્રી પથીક ઊરફે
વિજયસિહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

# લંડનના વિઝાના નામે વૃદ્ધ સાથે ૪૫ લાખની છેતરપિંડી:પ્રવાસીઓ એરપોર્ટ પર એજન્ટની રાહ જોતા રહ્યા પણ આવ્યો નહીં, પૈસા પણ પરત ન કરતા પોલીસ ફરિયાદ



માણસાના વેપારીના પુત્ર, પુત્રવધૂ અને પૌત્રીને લંડન મોકલવાના બહાને આજોલ ગામના એજન્ટ દ્વારા વિશ્વાસ કેળવી ૪૫ લાખની ઠગાઈ આચરવામાં આવતા માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, લંડન જવા માટે એરપોર્ટ ઉપર પાંચેક કલાક રાહ જોયા પછી પણ એજન્ટ ટિકિટ કે પાસપોર્ટ આપવા નહી આવતા ઠગાઈ થયાનો ભાંડો ફૂટયો હતો.માણસાની ગંગા રેસીડેન્સીમાં રહેતા જયંતિભાઈ રામાભાઈ નાયી ભગવતી શોપિંગ સેન્ટરમાં 'ચંદ્રા હેન્ડલુમ' નામની દુકાન ચલાવે છે. તેમની ફરિયાદ મુજબ, છેલ્લા બાર મહિનાથી તેમની દુકાને ખરીદી કરવા આવતા બળવંતકુમાર ઉર્ફે બાદશાહ વિષ્ણુભાઈ પટેલ (રહે-આજોલ ગામ, પટેલવાસ) સાથે તેમની ઓળખાણ થઈ હતી. બળવંતકુમારે પોતે વિઝા એજન્ટનું કામ કરતા હોવાનું અને લંડન તેમજ કેનેડાની 'લાઇન સારી' હોવાનું જણાવી લોભામણી વાતો કરી હતી. જેથી જયંતિભાઈ તેમના દીકરા વિશાલ, પુત્રવધૂ અને પૌત્રીને લંડન મોકલવા માંગતા હોવાથી બળવંતભાઈ પટેલ સાથે વાતચીત કરી હતી. બળવંતભાઈએ ત્રણેયના લંડનના વિઝાનો ખર્ચ રૂ. ૪૫ લાખ થશે તેમ જણાવ્યું હતું. અને નક્કી થયા મુજબ ત્રણેય લંડન પહોંચી જાય પછી રકમ આપવાનું નક્કી થયું હતું.જયંતિભાઈએ તેમના પરિવારના ત્રણેયના અસલ પાસપોર્ટ આપી દીધા હતા. જેના પગલે બળવંતભાઈએ ત્રણેય માટે તા. ૧૮/૬/૨૦૨૫ થી ૧૬/૯/૨૦૨૫ સુધીના 'ઢ-જીદ્ગૈંન્ઈઢ ઉંઈદ્ઘઈઈ ૈંસ્ઁઈછદ્ગ'ના વિઝા કરાવ્યા હોવાનું જણાવી તેનો ફોટો વોટ્સએપ દ્વારા મોકલી આપ્યો હતો. ત્યારબાદ તા. ૧૮ જૂનના રોજ બળવંતભાઈએ જયંતિભાઈને ફોન કરીને પૈસાની જરૂર હોવાનું જણાવી નક્કી કરેલા રૂ. ૪૫ લાખ ની માંગણી કરી પુત્ર-પુત્રવધૂની નોકરી નક્કી થઈ જશે તેવું આશ્વાસન પણ આપ્યું હતું . જે વાત પર વિશ્વાસ રાખી જયંતિભાઈએ પોતાની દુકાન પર ૨૫ લાખની લોન અને બાપુપુરા ખાતે આવેલ મકાન પરથી બાપુપુરા ક્રેડિટ સોસાયટી મંડળીમાંથી ૨૦ લાખની લોન લઈને કુલ રૂ. ૪૫ લાખ રોકડા ૨૦જુલાઈ ના રોજ બળવંતભાઈ પટેલને આપ્યા હતા.

આ રૂપિયા લેતી વખતે બળવંતભાઈ પટેલે જયંતિભાઈને વિશ્વાસ અપાવવા માટે ૪૫ લાખનો ચેક આપી કહ્યું હતું કે જો તે ત્રણેયને લંડન ન પહોંચાડે તો આ ચેક દ્વારા રકમ ઉપાડી લેવી. તેમજ તા. ૨૨ જુલાઈના રોજ દીકરા પાસપોર્ટ અને ટિકિટ લઈને અમદાવાદ એરપોર્ટ પર આવી જશે તેમ જણાવ્યું હતું. આમ નક્કી થયા મુજબ જયંતિભાઈ તેમના દીકરા વિશાલને સવારે ૬.૪૫ વાગે અમદાવાદથી લંડન મોકલવા એરપોર્ટ ગયા હતા .પરંતુ ચાર-પાંચ કલાક રાહ જોયા પછી પણ બળવંત પટેલ એરપોર્ટ નહીં આવતા બધા પરત ફર્યા હતા.ત્યારબાદ જયંતિભાઈએ આજોલ ખાતે બળવંતભાઈના ઘરે જઈને વાત કરતા તેમણે હાલમાં લંડનમાં નોકરીની સગવડ ન હોવાનું બહાનું કાઢી પૈસા અને પાસપોર્ટ પણ આજદિન સુધી પાછા આપ્યા નહોતા. આખરે જયંતીભાઈની ફરિયાદના આધારે માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મસાદરા ગામે પોસડોડા નો જથ્થો પકડતી માલપુરના પોલીસ. માલપુર તાલુકાના મસાદરા ગામ ની સીમ માં બીન વારસી અલગ અલગ એમપી અને ગુજરાત પાસીગ ની નંબર પ્લેટ ધરાવતી અને ભારતીય જનતા પાર્ટીનો ખેસ લગાવેલ કોંહિકિાર માં ૧૫ નંગ કોથડા પોસડોડા નો જથ્થો ઝડપાયો જેનું વજન ૨૭૮.૩૦૦ કિલોગ્રામ જેની કિંમત આઠ લાખ,અઠાવીસ હજાર એકસો પચાસ તેમજ ગાડી ની કીમત વીસ લાખ સાથે ટોટલ મુદ્દા માલ ૨૮ લાખનો કિંમત થાય છે જે બાતમીના આધારે માલપુર પી.આઈ કિરણભાઈ દરજી અને તેમની ટીમ દ્વારા પકડવામાં આવ્યો હોય તેમ જ નાર્કોટિક ગાંધીનગર પણ આ કામગીરી દરમિયાન હાજર રહ્યા હતા

## અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવા રજૂઆત

# ભમ્મરીયા નાળાથી ગાયત્રી મંદિર સુધી વિસ્તારમાં ૪૦ હજાર લોકો રહે છે પણ સરકારી દવાખાનું નથી



મહેસાણા શહેરમાં ભમ્મરીયા નાળાથી ટીબી રોડ, ગાયત્રી મંદિર સુધીના વિસ્તારમાં સરકારી દવાખાનાની કોઇ સુવિધા ન હોઇ સિવિક સેન્ટરના પ્રથમ માળે ખાલી જગ્યામાં અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરવા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરાઇ છે.વોર્ડ નં.૯ વિસ્તારમાં અને આજુબાજુ સરકારી દવાખાનાની કોઇ સુવિધા નથી. આ વિસ્તારમાં અંદાજે ૪૦ હજારની વસ્તી રહે છે. ભમ્મરીયા નાળાથી બી.કે. રોડ, ટીબી રોડ, આશીર્વાદ ચોક, ગાયત્રી મંદિર સુધીનો વિસ્તાર આ જૂના વોર્ડમાં આવે છે અને તેની આસપાસ પણ સરકારી આરોગ્ય કેન્દ્ર નથી.મધ્યમ વર્ગનો વસવાટ અને સ્લમ વિસ્તાર પણ હોઇ મનપાના સિવિક સેન્ટરના પ્રથમ માળે જગ્યા ખાલી હોઇ ત્યાં આ વિસ્તાર માટે આરોગ્ય કેન્દ્ર કાર્યરત કરવા વિસ્તારના પૂર્વ નગરસેવિકાના કૈલાશબેન એમ. પટેલ દ્વારા મનપામાં કમિશનર સમક્ષ રજૂઆત કરાઇ છે.શહેરમાં બે અર્બન હેલ્થ સેન્ટર બનાવવા રાજયના આરોગ્ય વિભાગે ગત એપ્રિલમાં ગ્રાન્ટ મંજૂર કરી હતી. માનવ આશ્રમ અર્બન હેલ્થ સેન્ટર માટે રૂ.૧.૫૯ કરોડ મંજૂર થયાને પાંચ મહિના વિતી ગયા છતાં કામ શરૂ થયું નથી.હાલમાં આ કેન્દ્ર જગ્યાના અભાવે સિવિલ હોસ્પિટલ નજીક પોલીસ હેડ ક્વાર્ટરની જગ્યાએ કાર્યરત છે. મોઢેરા રોડ પર સહારા બ્રિજ હોટલ નજીક જીઆઇડીસીની જગ્યામાં પણ રૂ.૧.૫૯ લાખના ખર્ચે મંજૂર થયેલા અર્બન હેલ્થ સેન્ટરનું કામ શરૂ થયું નથી. આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યું કે, આ બંને જગ્યાએ હેલ્થ સેન્ટર માટે પીઆઇયુ દ્વારા ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે.

# ડેપ્યુટી ઈજનેરના એજન્ટ નાના કોન્ટ્રાક્ટરોને હેરાન કરતા હોવાનો આક્ષેપ



સુરત, તા.૭

સુરતની અન્ય સરકારી કચેરીમાં એજન્ટ રાજની ફરિયાદ હતી. તો હવે પાલિકાના લિંબાયત ઝોનમાં પણ એજન્ટ રાજ ચાલતું હોવાની ફરિયાદ થઈ છે. મ્યુનિ. કમિશનરને ફરિયાદના નામ વિના લેખિત ફરિયાદ કરવામાં આવી છે નામ વિના મ્યુનિ. કમિશ્નરને થયેલી ફરિયાદમાં ઝોનના ડેપ્યુટી ઈજનેરે માનિતા કોન્ટ્રાક્ટરને સાચવવા માટે અન્ય કોન્ટ્રાક્ટરોને એજન્ટ મારફતે હેરાન કરતા હોવાની ફરિયાદ થઈ છે. સામી દિવાળીએ આ પ્રકારની ફરિયાદ પાલિકામાં ચર્ચાનો વિષય બની છે. સુરત પાલિકા સહિત શહેરમાં અનેક કચેરીઓમાં લાંચીયા કર્મચારીઓની સંખ્યા વધી રહી છે અને તેના માટે એસીબી ટ્રેપ થઈ રહી છે. આ વાત વચ્ચે સુરત મ્યુનિ. કમિશનરને નામ વિનાની લેખિત ફરિયાદ થઈ છે. જેમાં જણાવ્યું છે કે, લિંબાયત ઝોનમાં બાર લાખ સુધીના કોન્ટ્રાક્ટરો છીએ. ઝોનના વાય.સી.દેસાઈ ડેપ્યુટી ઈજનેર છે તેઓએ ફિરોજ, અફઝલ અને પરવાના નામના એજન્ટ રાખ્યા છે. આ એજન્ટ ડે. ઈજનેરના માનિતા ન હોય તેવા કોન્ટ્રાક્ટરને હેરાન કરી રહ્યાં છે. આ હેરાનગતિ દુર કરવા માટે તપાસ કરવાની માંગણી કરી છે. દિવાળી પહેલા મ્યુનિ. કમિશ્નરને ફરિયાદીના નામ વિના અધિકારી અને કહેવાતા એજન્ટના નામ સાથે ફરિયાદ થઈ છે તે પાલિકામાં ચર્ચાનો વિષય બન્યો છે. આ ફરિયાદ સાચી હોય તો અધિકારી અને એજન્ટ સામે પગલાં ભરવા અને ખોટી હોય તો ખોટી ફરિયાદ કરનારા સામે પગલાં ભરવા માગણી થઈ રહી છે.






Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.